For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સ્થાનિક ચૂંટણીને કારણે ગુજરાતમાં વસ્તી ગણતરી મોકૂફ

**જે** પ્રક્રિયા આવતીકાલથી શરૂ થવાની હતી તે પાછી ઠેલાઇ

ગાંધીનગર : ગુજરાતમાં શરૂ થનારી વસ્તી ગણતરીની પ્રક્રિયા પર હાલ માટે બ્રેક લાગી ગઈ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે 5 એપ્રિલથી શરૂ થનારી વસ્તી ગણતરીને મોકૂફ રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે નવી તારીખ ચૂંટણી પૂર્ણ થયા બાદ જાહેર કરવામાં આવશે. દેશવ્યાપી રીતે 1 એપ્રિલથી 16મી વસ્તી ગણતરી (Census 2027) નો પ્રથમ તબક્કો શરૂ થઈ ચૂક્યો છે, જેમાં 'હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ' (HLO)નો સમાવેશ થાય છે. આ તબક્કો 30 સપ્ટેમ્બર 2026 સુધી ચાલવાનો છે. પરંતુ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કારણે આ પ્રક્રિયા હાલ અટકાવવામાં આવી છે. આ વખતની વસ્તી ગણતરી અનેક રીતે ઐતિહાસિક બની રહી છે. દેશમાં પહેલીવાર સંપૂર્ણ ડિજિટલ સેન્સસ હાથ ધરવામાં આવી રહી છે. પરંપરાગત ફોર્મની જગ્યાએ મોબાઈલ એપ અને ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ થશે. નાગરિકોને સેલ્ફ-એન્યુમરેશનની સુવિધા પણ આપવામાં આવી છે, જેમાં લોકો પોતે જ પોતાની વિગતો ઓનલાઈન ભરી શકશે. દરેક રાજ્ય માટે 15 દિવસની ખાસ વિન્ડો આપવામાં આવશે, જેમાં લોકો સ્વયં ગણતરી કરી શકશે. સાથે જ દરેક ઘરનું જિયો-મેપિંગ કરવામાં આવશે, જેથી કોઈપણ ઘર ગણતરીથી બાકાત ન રહે.

ગુજરાતમાં તારીખો પાછળ

...અનુસંધાન પાના 5 પર

## બીજા તબક્કામાં જાતિ આધારિત માહિતી

ફેબ્રુઆરી 2027માં યોજાનારા બીજા તબક્કામાં નાગરિકોની જાતિ અંગે માહિતી એકત્રિત કરવામાં આવશે. આઝાદી પછી પહેલીવાર આ પ્રકારની માહિતી સત્તાવાર રીતે લેવામાં આવશે. અગાઉ 1931માં છેલ્લે જાતિ આધારિત ગણતરી થઈ હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે સરકારી તંત્ર વ્યસ્ત રહેવાનું હોવાથી વસ્તી ગણતરીની કામગીરી પ્રભાવિત થવાની શક્યતા હતી. જનગણના વિભાગે આ અંગે સરકારમાં દરખાસ્ત કરી હતી, જેને મંજૂરી આપવામાં આવી છે.હાલ પુરતી ગુજરાતમાં વસ્તી ગણતરી પર વિરામ લાગી ગયો છે, પરંતુ ચૂંટણી પૂર્ણ થયા બાદ આ મહત્વપૂર્ણ પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવશે.

# તળપદા કોળી પટેલ સમાજમાં પહેરામણીનો રિવાજ બંધ

**જૂનાગામ** ખાતે મળેલી બેઠકમાં સમજૂતી સધાઇ

સુરતઃ શ્રી પટેલ પ્રગતિ મંડળ, સુરત ધ્વારા તા. ૨-૪-૨૬ નાં રોજ મોજે શિવરામપુર(જુનાગામ) તા. ચોર્યાસી મુકામે હનુમાનદાદાની જયંતિ નિમિત્તે રાત્રે ૮-૦૦ કલાકે તળપદા કોળી પટેલ સમાજનાં રિવાજોમાં સુધારા કરવા માટે મીટીંગ કરવામાં આવી હતી. આ મીટીંગમાં મંડળના અધ્યક્ષ રમેશભાઈ જે. પટેલ તરફથી મંડળના હાજર સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. મંડળનાં ટ્રસ્ટી જયંતિભાઈ બી.પટેલ તરફથી સમાજનાં રિવાજોમાં સુધારા કરવા માટે વિગતવાર સમજુતી આપવામાં આવી હતી.અને જણાવ્યુ હતું કે અગાઉ ૬૧ ગામમાં મીટીંગ કરવામાં આવી હતી. આમ ૭૦ ટકા જેટલો સુધારો થયો છે. વધુમાં જણાવ્યું હતું કે ચાલ્લાંવિધિમાં ઘણા લોકો લઈ જવામાં આવે છે તેમાં ઘટાડો કરવા અને વરઘોડો રાત્રે ખૂબ મોડેથી પહોંચે છે, જેથી તિથીના સમય મુજબ સમયસર લગ્ન થતાં નથી જેથી યુવાનોને આ બાબતે દરેક કાર્ય સમયસર થાય તે માટે ભારપૂર્વક અનુરોધ કરવામાં આવ્યો હતો.

- ■ ભેટામણીની પ્રથા પણ બંધ કરવામાં આવી
- ■ સાતક પછી પગે લાગવાની પ્રથા બંધ
- ■ સાતક પર કપડાં આપવાની પ્રથા બંધ
- ■ બેસણામાં પૈસા મૂકવાની પ્રથા બંધ
- ■ શીતળા સાતમે ઢાંકવાની પ્રથા બંધ

# કીમથી ગેસની નાની બોટલ લાવી સુરતમાં રૂ.1000માં વેચાણ

**550ના** બદલે 1000 રૂપિયા પડાવી ગરીબ શ્રમિકોનું લોહી ચૂસતા કાળાબજારિયા

**કીમના** ચૌધરી એન્ટરપ્રાઇઝમાંથી સચિનમાં 5 કિલોની 78 બોટલ વેચાણ માટે આવી હતી

સુરતઃ શહેરના લિંબાયત, ઉધના, ભેસ્તાન અને સચિન જેવા શ્રમજીવી બહુલ વિસ્તારોમાં ગેસ એજન્સીઓના સંચાલકો અને કાળાબજારી શરુ કરી છે. શ્રમજીવીઓના ઘરના ચૂલા સળગે તે માટે રાજય સરકારે પાંચ કિલોના ગેસના સિલિન્ડર આપવાની જાહેરાત તો કરી પરંતુ તેનો લાભ લોભિયા ગેસ એજન્સીના કારભારીઓ ઉઠાવી રહ્યા છે.

સરકાર દ્વારા બહારથી આવેલા શ્રમિકોને આધારકાર્ડના આધારે રાહત દરે નાના કોમર્શિયલ ગેસ સિલિન્ડર આપવાની યોજના જાહેર કરવામાં આવી છે, જેમાં કિંમત 550 રૂપિયા નક્કી કરાઈ છે અને ઓનલાઇન પેમેન્ટ સ્વીકારવા આદેશ અપાયા છે. તેમ છતાં, કેટલીક ગેસ એજન્સીઓ દ્વારા જાણીજોઈને ગેસની કૃત્રિમ અછત ઊભી કરી શ્રમિકોને બ્લેકમાં બોટલ લેવા મજબૂર કરવામાં આવી રહ્યા છે. આ કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે સચિન ડી-માર્ટની બાજુમાં આવેલા ખુલ્લા મેદાનમાં શ્રમિકોનું મોટું ટોળું એકત્ર થયું હતું. ત્યાં જાગૃત નાગરિકોએ જોયું કે શ્રમિકો પાસેથી 900 થી 950 રૂપિયા રોકડા લઈ ગેસની નાની બોટલ આપવામાં આવી રહી હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે આ લોકો કીમ સ્થિત ચૌધરી એન્ટરપ્રાઇઝ (એચ.પી. ગેસ એજન્સી) માંથી આવ્યા હતા. નવાઈની વાત એ છે કે સ્થાનિક એજન્સીઓ પર લાઇનો લગાવીને બેઠેલા શ્રમિકોને ગેસ ન મળતો હોય, ત્યારે કીમની એજન્સી છેક સચીન સુધી આવીને ગેરકાયદે વેચાણ કરતી હતી.

ઘટનાની જાણ થતાં સચિન પોલીસ તુરંત સક્રિય થઈ હતી. પોલીસ કન્ટ્રોલ રૂમના નંબર ઉપર પાસ થયેલા મેસેજના આધારે પોલીસે સ્થળ પર પહોંચી હતી. તપાસ કરતા સ્થળ ઉપરથી એક પીકઅપ ટેમ્પો (નં. GJ-19-Y-2942) માંથી એચ.પી. કંપનીના 5 કિલોના 78 કોમર્શિયલ બોટલ મળી આવ્યા હતા. પોલીસે

...અનુસંધાન પાના 5 પર

## અડાજણમાં શરૂ કરાયું સ્તનપાન કેન્દ્ર



■ જાહેરસ્થળોએ માતાઓ તેમના નવજાત શીશુને સુરક્ષિત અને શાંત વાતાવરણમાં સ્તનપાન કરાવી શકે તે હેતુંથી અડાજણમાં સુરતનું પહેલું સ્તનપાન કેન્દ્ર શરુ કરાયું છે. એસએમસીએ શરુ કરેલી આ સુવિધાથી નોકરી કરતી મહિલાઓ અથવા તો બાળક સાથે બહાર નીકળેલી મહિલાઓને મોટી રાહત મળી શકશે. **(તસવીર : હેમંત ડેરે)**

# 60 વર્ષથી વધુ અને 3 ટર્મને ભાજપ ટિકિટ નહી આપે

**ભાજપમાં** નવા ચહેરા અને જૂના દિગ્ગજો વચ્ચે જંગ

ગાંધીનગર : ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ દ્વારા રાજ્યભરની મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોની બેઠકો માટે 'સેન્સ' લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયામાં અનેક દિગ્ગજો, યુવા ચહેરાઓ અને સામાજિક આગેવાનોએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે.

રાજ્યભરમાં આશરે 10 હજાર સીટો માટે ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા તેજ બની છે અને હજારો કાર્યકરો ટિકિટ માટે દાવેદારી નોંધાવી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીને "સત્તાની સેમિફાઈનલ" તરીકે જોવામાં આવી રહી છે. ભાજપ સંગઠનાત્મક શક્તિ સાથે મેદાનમાં ઉતર્યું છે. હવે આવતીકાલે ભાજપની સંકલન સમિતિની બેઠક યોજાશે. તે પછી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. જો કે ભાજપે સંભવિત નિયમો બનાવ્યા છે તેમાં એક નિયમ એ પણ છે કે જેમણે ત્રણ ટર્મ પૂર્ણ કરી હોય તેમને તક આપવામાં નહીં આવે.

## ભાજપના ટિકિટ માટેના સંભવિત નિયમો

ભાજપના ટિકિટ માટેના સંભવિત નિયમો અંગે પાર્ટીના પ્રવક્તા અનિલ પટેલે સ્પષ્ટ કર્યું છે કે હાલ કોઈ ચોક્કસ વય મર્યાદા નક્કી નથી, પરંતુ ભાજપના આંતરિક સૂત્રો મુજબ પાર્ટી નેતાદીરીએ ટિકીટ આપવા માટે નક્કી કરેલા માપદંડો પણ ચર્ચામાં છે:

(૧) ૬૦ વર્ષથી વધુ વયનાને ટિકિટમાં પ્રાધાન્ય આપવામાં આવશે નહીં,

(૨) જે ઉમેદવારોએ અગાઉ ત્રણ ટર્મ પૂરી કરી હોય તેમને ફરી મોકો આપવામાં આવશે નહીં,

(૩) એક પરિવારમાંથી માત્ર એક જ વ્યક્તિને ટિકિટ આપવાનો કડક નિયમ

(૪) ઉમેદવારની સોશિયલ મીડિયા એક્ટિવિટી તેમજ તેમના ફોલોઅર્સની સંખ્યાને પણ પસંદગી પ્રક્રિયામાં વિશેષ રીતે ધ્યાને લેવામાં આવશે.

## અમદાવાદમાં મોટા પાયે ટિકિટ કપાવાની શક્યતા

અમદાવાદમાં ભાજપે 48 વોર્ડ માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરવાની દિશામાં કામ શરૂ કર્યું છે. પાર્ટીના આંતરિક નિયમોને કારણે 40થી વધુ હાલના કોર્પોરેટરોની ટિકિટ કપાઈ શકે છે. ઉંમર, ત્રણ ટર્મ અને ગેરશિસ્ત જેવા મુદ્દાઓને આધારે આ નિર્ણય લેવાઈ શકે છે.

# 6 વર્ષની બાળકીને હેમખેમ છોડાવી લેવાઈ

**પડોશી** યુવાને ચોકલેટની લાલચે અપહરણ કર્યું હતું

**ઝાડીમાં** લોકો જોઇ જતાં ગભરાયેલા યુવાને દીકરીને ભગવાન ભરોસે છોડી ચાલતી પકડી



સુરતઃ પાંડેસરા પોલીસ મથકની હદમાંથી 6 વર્ષીય માસૂમ બાળકીનું ચોકલેટની લાલચે અપહરણ કર્યા બાદ વડોદના ઝાડી-ઝાંખરામાં લઈ જનાર યુવાનને પાંડેસરા, ખટોદરા અને અલથાણ પોલીસની સંયુક્ત ટીમે ગણતરીના સમયગાળામાં શોધી કાઢ્યો હતો. દુષ્કર્મ કરવાના ઇરાદે બાળકીનું અપહરણ કરનારો ઝાડી-ઝાંખરામાં બાળકીને લઈને ગયો ત્યારે કેટલાક લોકો તેને જોઇ ગયા હતા. જેથી તે ગભરાઈ ગયો હતો અને બાળકીને સૂતી મૂકી ત્યાંથી નાસી છૂટ્યો હતો.

મદદનીશ પોલીસ કમિશનર ઝેડ.આર. દેસાઇએ કહ્યું હતું કે ગઈ તા. 31મી માર્ચે સાંજે સાત વાગ્યા પહેલા વડોદમાંથી છ વર્ષની બાળકીનું કોઇ અપહરણ કરી

...અનુસંધાન પાના 5 પર

### પકડાયેલો યુવાન બે દીકરીનો બાપ

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવેલી હકીકત મુજબ જે યુવાને બાળકીનું અપહરણ કર્યું હતું તે પરિણીત છે અને બે દીકરીનો બાપ છે. આમ છતાં મોબાઇલમાં ગંદી વસ્તુ જોઇ તેને બાળકીનું અપહરણ કરવાનો વિચાર આવ્યો હોવાનું પોલીસ સમક્ષ તેણે કબૂલ્યું હતું.

# વધારે કમાણીની લાલચમાં એસી રિપેરિંગ કરતો યુવાન ડ્રગ્સના રવાડે ચઢ્યો

**ગોપીપુરામાં** ક્રાઈમ બ્રાન્ચે મોડી રાત્રે દરોડા પાડી ૬.૪૪ લાખનું એમ.ડી. ડ્રગ્સ પકડ્યું

**શાહપોરનો** ડ્રગ્સ સપ્લાયર એઝાઝ ઉર્ફે બાટલા વોન્ટેડ

સુરત : ક્રાઈમ બ્રાન્ચે ગત મોડી રાત્રે ગોપીપુરા જલારામ એપાર્ટમેન્ટના ફ્લેટમાં દરોડો પાડી ૨૧૪.૭૩૦ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે એક શખ્સને દબાવી લીધો હતો.



આંતરરાષ્ટ્રીય બજારમાં જેની કિંમત લાખોમાં અંકાય છે તેવા આ ડ્રગ્સના જથ્થા સાથે પકડાયેલા આરોપીએ શાહપોરના માથાભારે ઈસમ પાસેથી માલ લાવ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે સપ્લાયરને વોન્ટેડ જાહેર કર્યો છે.

ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. કિર્તીપાલસિંહ પુવાર અને તેમની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ગોપીપુરા મોમનાવાડ ખાતે

...અનુસંધાન પાના 5 પર

## વેસુ, અડાજણ, પાલ અને અઠવાના ધનિક વર્ગના છોકરા છોકરીઓને ડ્રગ્સ સપ્લાઇ કરતો હતો

જે ફ્લેટમાં તે પકડાયો છે તે ફ્લેટ બે મહિના પહેલા જ ભાડે લીધો હતો. પકડાઇ જવાની બીકથી તે સતત ઘર બદલતો રહેતો હતો. ડ્રગ્સનો જથ્થો તે મોડી રાત્રે વેસુ, અઠવા, અડાજણ, પાલ જેવા વિસ્તારના ધનિક પરિવારના છોકરા છોકરીઓને વેચતો હતો. પકડાયો ત્યારે તે ડિલિવરી વેચવા નીકળતો હતો અને પોલીસના હાથે લાગ્યો હતો. પોષ વિસ્તારમાં મોડી રાત્રે ચાલતા પાનના ગલ્લા અને ચા ની લારીઓ પર ડ્રગ્સ માટે ગ્રાહકો શોધતો હતો.

# હોટલમાં અસલી પનીરનાં બોર્ડ અને લારીવાળાને છૂટ

**'અસલી** કે એનાલોગ'ના બોર્ડ મારવાના નિર્ણય સામે હોટલ એસોસિએશન મેદાને

**લારી**-ગલ્લાઓ માટે પણ કડક નિયમો અમલી બનાવવા માંગ

સુરતઃ રાજ્યમાં નકલી ખાદ્ય પદાર્થોના વધતા દૂષણને રોકવા અને ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અટકાવવા સરકારે હોટલ-રેસ્ટોરન્ટ્સમાં પનીરની ગુણવત્તા અંગે કડક આદેશ જાહેર કર્યો છે. હવેથી દરેક સંચાલકે ફરજિયાતપણે બોર્ડ મારવું પડશે કે તેઓ દૂધમાંથી બનેલું 'અસલી પનીર' વાપરે છે કે વનસ્પતિ તેલ અને પામોલિન ફેટમાંથી બનેલું 'એનાલોગ પનીર'. આ નિર્ણયથી ફૂડ ઇન્ડસ્ટ્રીમાં ભારે હલચલ મચી ગઈ છે. જોકે, એનાલોગ પનીર સ્વાસ્થ્ય માટે અનસેફ નથી પણ તેને સબ-સ્ટાન્ડર્ડ ગણવામાં આવે છે, જેથી પારદર્શિતા લાવવા માટે સરકારે મેનુ અથવા પ્રવેશદ્વાર પર તેની સ્પષ્ટ જાહેરાત કરવાનું ફરજિયાત બનાવ્યું છે. સધર્ન ગુજરાત હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન અને વડોદરા હોટેલ ઓનર્સ એસોસિએશને આ નિર્ણયને આવકારીને 100% પાલનની ખાતરી આપી છે, પરંતુ સાથે જ સમગ્ર ફૂડ સેક્ટરમાં સમાન કાયદાની માંગ કરી છે.

હોટલ એસોસિએશને સરકારના આદેશ સામે તાર્કિક સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે, અમે લાયસન્સધારકો હોવાથી નિયમો પાળીશું, પણ રસ્તા પર ઉભા રહેતા લારીઓવાળાનું શું? એસોસિએશનના મતે સ્ટ્રીટ ફૂડ વેચનારાઓ પાસે ન તો એફ.એસ.એસ.એ.આઈ લાયસન્સ હોય છે, જીએસટી કે ગુમાસ્તા ધારાનું રજિસ્ટ્રેશન પણ હોતું નથી. યુવા પેઢી અને વિદ્યાર્થીઓ બજેટના કારણે મોટાભાગે લારીઓ પર પનીરની વાનગીઓ ખાતા હોય છે, પરંતુ ત્યાં વપરાતું પનીર કેટલું શુદ્ધ છે તેની કોઈ ગેરંટી હોતી નથી.

જો માત્ર હોટલો પર જ નિયમો લાદવામાં આવશે અને લારી-ગલ્લાઓ પર કોઈ નજર નહીં રાખવામાં આવે, તો સરકારનો પારદર્શિતાનો ઉદ્દેશ્ય સિદ્ધ થશે નહીં. એસોસિએશને માંગ કરી છે કે આ નિયમ દરેક નાના-મોટા ખાદ્ય એકમોને સમાન રીતે લાગુ કરવામાં આવે જેથી લોકોના સ્વાસ્થ્ય સાથે થતા ચેડાં અટકાવી શકાય અને જવાબદારી નક્કી થઈ શકે.

## હીરાની મંદીએ વધુ એક રત્નકલાકારનો ભોગ લીધો

સુરતઃ સિંગણપોરમાં કામ બરાબર નહીં ચાલતા રત્નકલાકારે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ બોટાદ જિલ્લાના વતની કરશન મગનભાઈ સેખલીયા (40 વર્ષ) હાલ સિંગણપોર વિસ્તારમાં રહેતો હતો અને રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. હાલમાં પુ વેકેશન હોવાથી પત્ની પુત્ર સાથે વતન ગઇ છે. દરમિયાન તેણે ગુરુવારે રાત્રે કરશને ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ થતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. દિવાળી બાદ હીરામાં મંદી ચાલતી હોવાથી કરશનનું કામ બરાબર ચાલતું ન હતું. જેના ટેન્શનમાં આવીને તેએ આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

# કતારગામમાં માત્ર ૮ વર્ષની બાળકીને નરાધમે પીંખી નાંખી

**કતારગામના** બાંધકામના પડાવમાં અનેક મજૂરો પરિવાર સાથે રહે છે

**બાળકીથી** વેદના સહન નહીં થતાં માતાને જાણ કરી, મજૂર આરોપી પકડાયો

સુરત:કતારગામના રામજી મંદિર પાસે નિર્માણાધિન એક શાળાના સંકુલમાં જ મજૂરી કામ કરતા બિહારના એક નરાધમે પોતાની સાથે જ કામ કરતા શ્રમજીવી પરિવારની આઠ વર્ષની માસુમ બાળકીને હવસનો શિકાર બનાવી છે. આ મામલે કતારગામ પોલીસે કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી લીધી છે.

કતારગામ રામજી મંદિર પાસે હાલ એક ખાનગી શાળાનું બાંધકામ ચાલી રહ્યું છે. અહીં મજૂરી કામ કરવા માટે બિહારના કટિહાર જિલ્લાના અનેક પરિવારો વસવાટ કરે છે. ગત તારીખ ૧લી એપ્રિલ ૨૦૨૬ ના રોજ બપોરના બે થી સાંજના સાડા છ વાગ્યાના સુમારે જ્યારે તમામ મજૂરો બાંધકામના કામમાં વ્યસ્ત હતા, ત્યારે મૂળ બિહારના હરિપુર તાલુકાના ધનગામાના વતની અલી અર્જર મહમદ હબલુ આલમની દાનત તેની સાથે જ કામ કરતા અન્ય એક મજૂરની આઠ વર્ષની દીકરી પર બગડી હતી. તે રમી રહી હતી ત્યારે નરાધમ તેને ત્યાં બનાવેલી એક કામચલાઉ રૂમમાં લઈ ગયો હતો. ત્યાં તેણે તેના પર બળાત્કાર કર્યો હતો અને જો કોઇને પણ આ બાબત જણાવી તો મારી નાંખવાની ધમકી

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં 34.4 ડિગ્રી તાપમાન છતાં આકરી ગરમી

**ભેજ** અને પવનથી ઉકળાટમાં વધારો

સુરતઃ શહેરમાં છેલ્લા બે દિવસથી ગરમીના તેવર ફરીથી વધી રહ્યા છે અને નાગરિકોને ઉકળાટનો સામનો કરવો પડી રહ્યો છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન આંશિક ઘટાડા સાથે 34.4 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 1.3 ડિગ્રી ઘટીને 24.2 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાનમાં 50 ટકા ભેજ નોંધાતા ઉકળાટનો અહેસાસ વધુ થયો હતો. સાથે જ ઉત્તર દિશાથી લગભગ 8 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં થોડી રાહત અનુભવાઈ હોવા છતાં ગરમીનું પ્રભાવ યથાવત રહ્યું હતું. શહેરમાં આજે સવારના સમયે આકાશમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું, જેના કારણે લોકોને થોડોક આરામ મળ્યો હતો. પરંતુ બપોર બાદ તડકાનો પ્રકોપ વધતા લોકો ફરી ગરમીથી અકળાઈ ગયા હતા. ખાસ કરીને બપોરના સમયે બહાર નીકળતા નાગરિકોને તડકાની તીવ્રતા સહન કરવી મુશ્કેલ બની હતી. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય અને ગરમીનો પ્રભાવ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# ભરઉનાળે ગુજરાતમાં વરસાદ

**ઉત્તર ગુજરાતમાં** નીચલા સ્તરે ચક્રવાતી પરિભ્રમણ સર્જાયું

**દ્વારકાના** કલ્યાણપુરમાં અને વેરાવળમાં 1 ઈંચ

**દક્ષિણ** અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર

ગાંધીનગર : વેસ્ટર્ન ડિસ્બન્સની અસર હેઠળ ગુજરાતમાં આવતીકાલે તા.4થી એપ્રિલના રોજ હવામાન વિભાગ દ્વારા રાજયમાં વરસાદનું યલ્લો એલર્ટ જારી કરાયુ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોએ જણાવ્યા મુજબ,આજે સાંજે છ વાગ્યા સુધીમાં રાજયના 18 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ થયો છે. ખાસ કરીને આજે દ્વારકાના કલ્યાણપુરમાં 1 ઈંચ , ગીર સોમનાથના પાટણ-વેરાવળમાં પણ 1 ઈંચ વરસાદ થયો છે. ભાવનગરમાં 17 મીમી , દ્વારકાના ખંભાળિયામાં 16 મીમી , ભાવનગરના ઘોઘામાં 16 મીમી , ઓખા મંડળમાં 7 મીમી , પાટણમાં 6 મીમી , અંજારમાં 5 મીમી , મુંદ્રામાં 5 મીમી , પાટણના સરસ્વતીમાં 5 મીમી , ગાંધીધામમાં 4 મીમી , લાલપુરમાં 3 મીમી , સિદ્ધપુરમાં 3 મીમી , ભાણવડમાં 2 મીમી, પાલનપુરમાં 2 મીમી ,તાલાલામાં 1 મીમી અને મહેસાણાના સતલાસણામાં 1 મીમી જેટલો વરસાદ થયો છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ રાજ્યના વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. જેમાં અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગર ખાતે સર્વોચ્ચ 37 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે, જેનાથી કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળશે. જોકે, ૭ એપ્રિલથી વધુ એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર ભારતને અસર કરે તેવી શક્યતા છે, જેની અસર ગુજરાતના વાતાવરણ પર પણ જોવા મળી શકે છે. વરસાદી માહોલને જોતા ખેડૂતોને માલ-સામાન સુરક્ષિત રાખવા અપીલ કરવામાં આવી છે.આ ઉપરાંત ગાંધીનગર

...અનુસંધાન પાના 5 પર

## આજે કરા પડશે, ગાજવીજ અને પવન સાથે વરસાદ

હવામાન વિભાગે 4 એપ્રિલ માટે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને અરવલ્લી જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા-ભડાકા સાથે હળવો થી મધ્યમ વરસાદ અને 30 થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.તે જ રીતે સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, મોરબી, દ્વારકા, બોટાદ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને અરવલ્લીમાં ૩૦-૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબી, દ્વારકા, બોટાદ અને કચ્છમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે. ખાસ કરીને દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપી જિલ્લાઓમાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે હળવો વરસાદ અને કેટલીક જગ્યાએ કરા પડવાની પણ શક્યતા સેવાઈ રહી છે.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦